તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૧૬, બુધવાર ; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે રાજનાથ ઈસ્લામાબાદ પહોંચશે

સાર્ક દેશોના ગૃહમંત્રીઓની બેઠકમાં ત્રાસવાદનો મુદ્દો ઉઠાવશે : રાજનાથસિંહની સાથે કેન્દ્રીય ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્રીય ગૃહ સચિવ પણ રહેશે : પાકિસ્તાનની સાથે કોઈ દ્વિપક્ષીય મંત્રણા નહીં થાય

નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ સાઉથ એશિયન એસોસિએશન ફોર રિઝનલ કો-ઓપરેશન (સાર્ક)ના ગૃહ પ્રધાનોની બેઠકમાં હાજરી આપવા માટે આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પાકિસ્તાન પહોંચી રહ્યા છે. રાજનાથ સિંહ આ સાર્ક બેઠકમાં આતંકવાદ અને સરહદ પારથી ઘુસણખોરીના મુદ્દાને જોરદારરીતે ઉઠાવે તેવી શક્યતા છે. બીજી બાજુ પાકિસ્તાનમાં વડાપ્રધાન નવાઝ શરીફ અને અન્યો સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરનાર છે. મળેલી માહિતી મુજબ સાર્ક શિખર બેઠકમાં જતા પહેલા રાજનાથસિંહે પાટનગર દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બીજી બાજુ સાર્ક શિખર બેઠક દરમિયાન કોઈપણ રીતે પાકિસ્તાનના લીડરો સાથે દ્વિપક્ષીય વાતચીત યોજવાનો ભારતે સાફ ઈન્કાર કરી દીધો છે. રાજનાથસિંહની સાથે કેન્દ્રીય ગૃહસચિવ રાજીવ મહર્ષી અને અન્ય કેટલાક ગૃહમંત્રાલયના અધિકારીઓ જઈ રહ્યા છે. કાશ્મીરમાં હાલમાં ફેલાયેલી અંધાધૂંધીમાં પાકિસ્તાનની ભૂમિકાને લઈને રાજનાથસિંહ હાલમાં જ આક્રમક રજૂઆત કરી ચુક્યા છે. ભારતની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરવાનો આક્ષેપ પણ રાજનાથસિંહે પાકિસ્તાન ઉપર કર્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તંગદિલી હાલ વધી

ગઈ છે. કારણ કે, બુરહાન વાનીને ઠાર મારવાના મુદ્દા ઉપર કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિના સંદર્ભમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ ઉશ્કેરણીજનક નિવેદન કરી ચુક્યા છે. નવાઝ શરીફે બુરહાન વાનીને શહીદ તરીકે ગણાવીને ભારતીય ભાવનાઓને ભડકાવી હતી. બીજી બાજુ રાજનાથસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાનને એકવાર સમજી લેવી જોઈએ કે હથિયારો ઉપાડવા માટે યુવાનોને ઉશ્કેરવાથી કોઈ સમસ્યાનો ઉકેલ આવશે નહીં. રાજનાથસિંહ પડોશી દેશ પાકિસ્તાનને જોરદારરીતે ઝાટકીને કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને હળવી કરવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન પોતે આતંકવાદના શિકાર દેશોમાં છે જેથી કાશ્મીરમાં હિંસાને પ્રોત્સાહન આપવા પાકિસ્તાનનો પ્રવાસ કરવો જોઈએ. નવેમ્બર ૨૦૦૫માં ઢાકામાં ૧૩મી સાર્ક શિખર બેઠક યોજાઈ હતી જેમાં

● અનુસંધાન પાન-૫ પર

હર-હર મહાદેવ - આજથી શ્રાવણ માસ આરંભાઈ રહ્યો છે... શીવભક્તિનો ઉત્તમ સમય એટલે શ્રાવણ... શીવાલયો હર-હર મહાદેવના જયઘોષથી ગાજી ઉઠશે... શીવ મહિમ્ન સ્ત્રોત્ર, લઘુરૂદ્ર, શીવ મહાપૂજા, મહારૂદ્ર જેવો પ્રસંગો શ્રાવણ માસ ભાવ-ભક્તિથી છલકાતો રહેશે....

વારાણસીમાં સોનિયાનો વિશાળ રોડ-શો

ગાંધી ઉત્તરપ્રદેશમાં પ્રચારનું રણશિંગૂ ફુંક્યું : મોદી વડાપ્રધાન બન્યા બાદ સોનિયા ગાંધી પ્રથમ વખત વારાણસીમાં પહોંચ્યા

વારાણસી, તા.૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં રોડશો યોજીને આજે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફૂંકી દીધું હતું. છેલ્લા થોડાક દિવસના ગાળામાં જ કોંગ્રેસનો પણ ઉત્તરપ્રદેશમાં આ ત્રીજો મોટો કાર્યક્રમ હતો. થોડાક દિવસ પહેલા જ કોંગ્રેસ પાર્ટી દ્વારા ૨૭ સાલ યુપી બેહાલના સ્લોગન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. દિલ્હી-કાનપુર બસ યાત્રાની શરૂઆત થઈ હતી. આ ઉપરાંત લખનૌમાં બુથ લેવલના વર્કરો સાથે રાહુલ ગાંધીએ વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. આજે યોજાયેલા રોડશોમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના સમર્થકો અને લોકો ઉમટી પડ્યા હતા. સર્કિટ હાઉસથી લઈને ઈંગ્લીશિયા લાઈન સુધી આ રોડશોનું આયોજન કરાયું હતું. આશરે ૮ કિલોમીટરના અંતર સુધી રોડશોનું આયોજન થયું હતું. સોનિયા ગાંધીએ સર્કિટ હાઉસ ખાતે બીઆર આંબેડકરની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરીને આની શરૂઆત થઈ હતી. આમા મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સોનિયા ગાંધી શરૂઆતમાં કારથી પ્રવાસ કરીને પહોંચ્યા હતા. મોડેથી

● અનુસંધાન પાન-૫ પર

હું ગુજરાત બહાર નહિ જાઉં, ગુજરાતમાં જ રહીશ : આનંદીબેન

આનંદીબેનના અનુગામી સંદર્ભે દિવસભર તર્ક-વિતર્કો ચાલ્યા : વિજય રૂપાણી, અમિત શાહ, ભીખુભાઈ દલસાણીયા અને સ્મૃતિ ઈરાનીના નામો ચર્ચામાં રહ્યા

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની હાઈકમાન્ડને કરાયેલી ઓફર બાદ આનંદીબેન હળવાશના મુડમાં દેખાતા હતા. વાત-વાતમાં એમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જ રહીશ અને ગુજરાત બહાર નહિ જાઉ, ગુજરાતની પ્રજા વચ્ચે સેવાકીય કામો કરીશ. અર્થાત હાઈકમાન્ડની ગર્વનર પદની કે કેન્દ્ર સરકારમાં હોદ્દાઓની ઓફરનો સવિનય ઈન્કાર કરાતો હોય એમ લાગે છે. આમ છતાં આવતીકાલે રાત્રે મળનારી રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બાદ ચિત્ર સ્પષ્ટ બનશે.

આજે દિવસ દરમિયાન રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ પાંચમીએ મુખ્યમંત્રી પદના શપથ લે છે એવી અફવાઓ જોરદાર રીતે ચાલી હતી. કલકત્તાનો તેમનો પ્રવાસ રદ થયો અને ત્રીજીએ રાતના ગુજરાત આવી રહ્યાની વાતો પણ તર્કસભર રીતે ચર્ચાતી હતી.

પ્રદેશ પ્રમુખ અને વાહન વ્યવહાર મંત્રી વિજય રૂપાણીના બંગલે ગાડીઓનો જમાવડો કલાકે - કલાકે વધતો જતો જોવા મળ્યો હતો. વિજય રૂપાણી હોટ ફેવરીટ લીસ્ટમાં ગણાય છે. પ્રદેશ મહામંત્રી અને કુશળ સંગઠક ભીખુભાઈ દલસાણીયાનું નામ પણ સંગઠનના મોરચેથી વહેતુ કરાયું છે. જો કે ભીખુભાઈ આ સંદર્ભે કંઈપણ કહેવાનો ઈન્કાર કરે છે.

બીજી તરફ દિલ્હીના કેટલાક સૂત્રો કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના નામની ચર્ચાઓ પણ કરે છે. મહિલા નેતૃત્વ સામે મહિલા નેતૃત્વને લાવવાના તર્ક સાથે ભાજપમાં ચર્ચાઓ ચાલી રહી છે. કોણ થશે ? ક્યારે થશે ? આગામી ૨૪ કલાકમાં ચિત્ર સ્પષ્ટ બની જશે. આમ છતાં રાજકીય લોબીંગ ચારેય તરફથી થઈ રહ્યાનું વર્તાય છે.

ગુજરાત ભાજપ પ્રભારી દિનેશ શર્મા, વિ. સતીષ આજે ગુજરાત આવશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત ભાજપના પ્રભારી વિ. સતિષ અને દિનેશ શર્મા આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ધારાસભ્યોને મળી નવા મુખ્યમંત્રીના નામ આંગેનો સેન્શ મેળવી અને દિલ્હી પરત જઈ મોવડીમંડળનો પોતાનો અહેવાલ આપશે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદની જવાબદારીમાંથી મુક્ત થવા માટેની પક્ષ સમક્ષ ઈચ્છા વ્યક્ત કરતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

શ્રીમતી આનંદીબેન પટેલની વિદાય નિશ્ચિત થતાં નવા મુખ્યમંત્રીની પસંદગી માટે ભાજપ મોવડીમંડળ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી વિ. સતીષ અને ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા આવતીકાલે સવારે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

આ બન્ને નેતાઓ આવતીકાલે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને મળશે અને ત્યાર બાદ પ્રદેશ ભાજપના આગેવાનો, ધારાસભ્યોને મળીને તેઓનો સેન્શ લેશે.

આગેવાનોનો સેન્શ લેવામાં આવ્યા બાદ અને સ્થાનિક રાજકીય

● અનુસંધાન પાન-૫ પર

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

ધરમપુરમાં ૧૪ ઈંચ : વલસાડ શહેરના નિચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી : રાજ્યના ૫૭ તાલુકાઓમાં વરસાદ : પારડી અને વાપીમાં ૧૨ ઈંચ વરસાદ કપરાડામાં પણ નોંધપાત્રરીતે વરસાદ : વલસાડ જિલ્લામાં પુરની પરિસ્થિતિ

અમદાવાદ, તા.૨

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થયો છે. હજુ પણ વરસાદ જારી રહ્યો છે. વલસાડની આરંગા નદીમાં પાણીની જળ સપાટી વધતા શહેરમાં આવેલા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યું છે.



ધરમપુરમાં ૧૪ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. નવસારીની અંબિકા નદીમાં ભારે પુરના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. અનેક ગામોના સંપર્ક તુટી ગયા છે. વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં મધુબન ડેમની સપાટી ૭૫ મીટરે પહોંચી છે. વલસાડ શહેરના નિચાણવાળા વિસ્તારો હનુમાન ભાગડા, લીલાપોર, છીપવાડ, કાશ્મીરનગરમાં લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે. ધરમપુરમાં પાર નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. કાવેરી નદીમાં પણ પુરની સ્થિતિ સર્જાઈ છે. બીજી બાજુ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. આજે સવારે ૮થી લઈ સાંજે છ વાગ્યા સુધી વરસાદની વાત કરવામાં આવેતો કપરાડામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. બીજી બાજુ ઉમરગામ પારડીમાં બે ઈંચ વરસાદ થયો છે. સંખેડા, કલોલ, તિલકવાડા, સોનગઢમાં પણ વરસાદ નોંધાયો છે. રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં વરસવાનું ચાલુ રાખીને ૫૭ તાલુકાઓમાં નોધનીય વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ૩૪૮ મી.મી એટલે કે ચૌદ ઈંચ જેટલો, વલસાડ જિલ્લાના પારડીમાં ૩૧૫ મી.મી. અને વાપીમાં ૩૧૪ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ૧૨ ઈંચથી વધુ, કપરાડામાં ૨૫૨ મી.મી. એટલે કે ૧૦ ઈંચથી વધુ જ્યારે વલસાડ જિલ્લાના ઉમરગામમાં ૧૬૧ મી.મી ખેરગામમાં ૧૬૧ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં છ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨-૮-૨૦૧૬ના રોજ સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં ૧૪૦ મી.મી. અને ડાંગ જિલ્લાના વઘઈમાં ૧૩૨ મી.મી. મળી કુલ બે તાલુકામાં પાંચ ઈંચથી વધુ જ્યારે ચીખલી તાલુકામાં ૧૦૯ મી.મી. ગણદેવીમાં ૧૧૧ મી.મી. વાંસદામાં ૧૦૩ અને સુબીરમાં ૧૦૩ મી.મી મળી કુલ ચાર તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ, છોટાઉદેપુરમાં ૮૧ મી.મી ધાનપુરમાં ૮૦ મી.મી, કોડીનારમાં ૮૦ મી.મી., ડાંગમાં ૭૬ મી.મી મળી કુલ ચાર તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ અને મોરવાહડફમાં ૭૧ મી.મી લીમખેડામાં ૬૪ મી.મી. ક્કરમુડામાં ૭૧ મી.મી. મહુવામાં ૫૧ મી.મી. અને માંડવીમાં ૫૫ મી.મી. મળી કુલ ચાર તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત રાજયના વીજયનગર, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ડભોઈ, શિનોર, કવાંટ, ગોધરા, જાંબુઘોડા, શહેરા, ખાનપુર, લુણાવાડા, સંતરામપુર, દેવગઢબારીયા, ફતેપુરા, ગરબાડા, સંજેલી, હાંસોટ, ગરૂડેશ્વર, સાગબારા, નીઝર, વાલોડ, જલાલપોર, મળી કુલ ૨૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૧૪ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651